

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 40,(SURAT), DATE-26/03/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૦, (સુરત), તા.૨૬/૦૩/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 વિશ્વ વન દિવસની ઉજવણી અંતર્ગત વ્યારા ખાતે વનશ્રી ફૂડ ફેસ્ટિવલ યોજાયું

3 બારડોલીમાં ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનો આપઘાત: આશ્રમ શાળાના બાથરૂમમાં દુપટ્ટાથી ફાંસો ખાધો

4 સાપુતારા જેનાંથી પ્રખ્યાત છે તે સાપ વાળું ગાર્ડન પ્રવાસીઓ માટે બંધ કરી દેતાં નારાજગી


## બંધ કરેલા રસ્તા ખોલવાની રજૂઆતો ના સંભળાતા ખેડૂતોએ જાતે જ રસ્તા ખોલવાનું ચાલુ કર્યું

# એક્સપ્રેસ વેથી ખેતરોના રસ્તા બંધ થતા એનામાં ખેડૂતો વિફર્યા



**ઘટનાની જાણ થતા નેશનલ હાઈવે ઓથોરિટી અને પોલીસ તંત્રનો કાફલો એના ગામે દોડી ગયોઃ દીવાલ તોડી રસ્તો ખોલાવાતા રાહત**

**બારડોલી -** સુરત જિલ્લામાં બારડોલી, પલસાણા અને કામરેજ તાલુકા વદ વિસ્તારમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વેનુ બાંધકામ પૂર જોશમાં ચાલી રહ્યુ છે. પરંતુ આ એક્સપ્રેસ વે ઘણા ખેડૂતોના ખેતરે જવાના રસ્તા પર મની જવાથી કેટવાથે ખેડુતોના રસ્તાઓ બંધ થઈ ગયા છે. આજે એના ગામે આ નેશનલ હાઈવેના કારણે ખેડૂતોના બંધ થઈ ગયેલા રસ્તા ખોલી આપવા રજૂઆત થઈ હતી. પરંતુ નેશનથ હાઈવે ઓથોરિટીના અધિકારીએ ખેડૂતોની રજૂઆતો નહી સાંભળતા આજે ખેડૂતોએ ખેતરમાં જવાનો રસ્તો છતે જ ખોલવાની કામગીરી હાથ ધરતા પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરીટીનુંનંત્ર એના ગામે દોડી ગયુ હતું. ટુંકા સંઘર્ષ બાદ આખરે ખેડુતોએ પોતાનો ખેતીવાડીમાં જવાનો અને શેરડી સહિતના પાકો કાઢવા માટે રસ્તો ખોળાવી નાંખ્યો હતો.

મુરત જિલ્લામાંથી પસાર થતો વડોદેશ મુંબઈ એક્સપ્રેસ વેનું ામ ભારડોલી, પલસાણા અને કામરેજ તાલુકાના ગામોમા ચાલી રહ્યું છે. આ એક્સપ્રેસ વેના કારણે અનેક ખેડુતોના ખેતરમાં જવાના રસ્તા બંને તરફ બેપ થઈ ગયા છે. જેને લઈને ખેડૂતો પરેશાન છે. શેરડી, શાકભાજી સહિતના પાત્રો ખેતરમાંથી ઘઢવા માટે વાહનો જતા ન સોવાથી ખેડૂતોની મુશ્કેલીઓ વધી ગઈ છે. અનેક રજૂઆતી પછી પણ નેશનલ હાઈવે ઓથોરીટી ખેડુતોને રસ્તો આપની નથી. એના ગામ ખાતે પણ ખેડુતોના રસ્તા બંધ થઈ જવાથી ખેડૂતો પરેશાન છે. ખેડૂતોએ પણીવાર સરકારી અપિકારીઓ તેમજ હાઈવેના અધિકારીઓને પણ મૌખિક તેમજ લેખિત રજુઆતો કરી છે કે અમાશ રસ્તા જે બંધ કવાં છે એ ખોલી આપો પરંતુ એમની રજુઆતો ખાન પર લેવામાં આવી રહી નથી.આથી ખેડુતોએ સુરત જિલ્લા ખેડૂત સમાજ પ્રમુખ પરિમલ પટેલને મળીને પોતાની વ્યથાઓ ઠાલવી હતી.

આજે સોમવારે બપોરે ૧૨ વાગ્યે પરિમલ પટેલે ખેડૂતોને સાથે રાખી એક્સપેશ વેનુ જે કામકાજ ચાલી રહ્યું હતું એને બંધ કરાવ્યુ હતું. એમનું કહેવું હતુ કે આ ખેડૂતો ૨૦૨૧ થી અનેકો લેખિત રજુઆતો કરીને નાસીપાસ થઈ ગયા છે કોઈ અધિકારી એમની સમસ્યાનુ સમાધાન લાવવા તૈયાર નથી ડિબટાયુ એમને તિરસ્કૃત કરી રહ્યા છે. જેના લીધે ખેડૂત સમાજે માલમતદાર તેમજ પોલીસ ખાતાને પછા જાવા કરી હતી કે જે ખેડૂતોની સમસ્યાઓનું નિશંકરણ નહી આવે તો અમારે મજબુરીયા આ રોડનુ બાંધકાય અટકાવવુ પડશે. નેશનલ હાઈવે ઓથોરિતિના અધિકારીઓ પણ ખોટા વાયદાઓ કરી રૂબરૂ સ્થળ પર પરિસ્થિતિ જોઈ લાવીગુ એમ કહી શનિવારે આવવાનું કહી આવ્યા ન હતા અને સોમવારે પણ કોઈ સંપર્ક થશે + હતો. આજે સોમવારે એના ગામના ખેડૂત શકેશભાઈ ભીખુભાઈ પટેલના ખેતરે શેરડીની કાપણી માટે મજુરો આવ્યા અને કાપણી ચાલુ કરી હતી પરંતુ એમના ખેતરે જવાના રસ્તા પર સિમેન્ટના બ્લોકની દિવાલ ચણી દીધી હોવાથી ટ્રેક્ટર ખેતરમા જઈ શકે એમ ન હોવાથી એમણે સવાર સવાર મા પરિમલબાઈને જણાવતા એમની આગેવાનીમા ગામના ખેડૂતો સાથે સ્થળ પર પહોંચી હાઈવેનુ કામકાજ બંધ કરાવ્યુ હતું. અને છેવટે બ્લોકથી બંધ કરેલો રસ્તો પણ ખોલાવ્યો હતો.

જાજા હતા ચોડી જ વારમાં પોલીસનો કાઢયો પણ રચળ પર પસી આવ્યો હતો. ડીવાયએસપીએ ખેડૂતો સાથે ચર્ચા કરતઆ તેમણે બધી સમસ્યાઓ તેમજ વારંવારની વિનંતીઓ છતા પણ કોઈ નિકાલ ન આવતા હવે અમારી પાસે કોઈ રસ્તો બચ્યો નથી એવુ એમને જવાવ્યું હતુ તાઈકિનુ કામ બંધ કરાવા જ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ પણ આવી ગયા હતા. અને હાલ પુરતીએ ક્યિાલ તોડીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો પણ એ કાયમી ઉકેલ ન હોવાનુંજણાવી કામકાજ બંધ જ રાખવાની જીદ પર ખેડૂતો અડચા હતા.પરંતુડી.વાય.એસ.થી.એખેડૂતો અને એન.એચ.એ.આઈ ના સક્ષમ અધિકારીની ૩ દિવસમા મિટિમ ચોઠવવાની ખાત્રી આપના ખેડુતોએ સહકાર આપ્યો છે.

## કામરેજ તા.પંચાયત સભામાં વન નેશન વન ઈલેક્શન ઠરાવ પસાર

### તાલુકા પંચાયતના કુલ ૨૦ માંથી હાજર ૧૬ સભ્યોએ સમર્થન આપ્યું



**આંબોલી -** કામરેજ તાલુકા પંચાયતની ગત રોજ મળેલી સામાન્ય સભામાં વન નેશન વન ઇલેક્શન અંતર્ગત ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તાલુકા પંચાયત પ્રમુખ રેખાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં કામ નંબર ૪ અને ઠરાવ નંબર ૧૨૮ મુજબ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંતર્ગત પ્રમુખ રેખાબેન પટેલ દ્વારા મુકાયેલા પ્રસ્તાવને સભામાં હાજર સભ્યો દ્વારા પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. જે પ્રસ્તાવની એક કોપી રાષ્ટ્રપતિ દ્રોપદીમુર્મુને પણ રવાના કરવામાં આવી હતી. એક રાષ્ટ્ર એક ચૂંટણીનો મુખ્ય ઉદેશ્ય. લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણી સાથે યોજવાનો ઉદેશ્ય સાથે સમય, સંશાધન, ખર્ચની બચત થશે. એક સાથે યોજાતી ચૂંટણી રાજનીતિક અસ્થિરતાને ઓછી કરશે જેથી નીતિ નિર્માણમાં સ્થિરતા આવશે. વારંવાર લાગતી આચાર સંહિતાને લઈ વિકાસ યોજના અટકે છે. એક સાથે યોજાતી ચૂંટણીની લઈ મતદારો જાગૃત બની કરેલી મતદાનની ટકાવારીમાં વધારો થશે. સંસદમાં રજૂ કરાયેલા બિલને પસાર કરી કાયદાકીય સ્વરૂપ આપવામાં આવે. એક રાષ્ટ્ર એક ચૂંટણી ક્રાંતિકારી પગલું છે. જે ભારતની લોકશાહીને પારદર્શક અને વધુ મજબુત તેમજ કુશળ બનાવી શકે છે.

## સમાજ વાડી પાર્ટીના નેતા અને રાજય સભા સાંસદ રામજીલાલ સુમન દ્વારા

# ભારતના વીર પુત્ર મહારાણા સાંગા ના ઈતિહાસ પર કથિત તિપ્પણી કરવામાં આવી જેને લઇને સમગ્ર ભારત દેશના રાજપૂત સમાજ માં આક્રોશ...અન્ય હિંદુ સંગઠનો નારાજ





શ્રી રાજપૂત કરણી સેના ના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણાએ જણાવ્યા મુજબ સમાજ વાડી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ સમગ્ર ક્ષત્રિય રાજપૂત સમાજની માફી માંગે સાથે તેમની પાર્ટીના સાંસદ રામજી સુમન ને પાર્ટીમાંથી ડીસમિસ કરવામા આવે અને ભારતની કોઈપણ રાજકીય પાર્ટી સંગઠન આવા શેખચલ્લી નેતાને પાર્ટીમાં સ્થાન ના આપે ની માંગ કરી છે.

ક્ષત્રિય રાજપૂત સમાજ ના ઐતિહાસને લઈ ક્ષત્રિયોને અવારનવાર ટાર્ગેટ કરવામાં આવે છે ગુજરાતમાં બીજેપીના સાંસદ પુરુષોત્તમ રૂપાલા એ પણ સમાજ ની બહેન દીકરી ઉપર કથિત ટીપ્પણી કરી હતી. અને ત્યાર પછી સમગ્ર. ગુજરાતમાં આંદોલન થયું હતું જેના કારણે ૪૦૦ પાર બીજેપીના સપનાનો ઘોડો ક્ષત્રીય સમાજે પકડી લીધો હતો. પછી ભા.જ.પા. સરકાર બનાવવામાં ગઠબંધન કરવાની નોબત આવી હતી અને હવે સમાજવાદી પાર્ટીના નેતા મહારાણા સાંગા ના ઇતિહાસ પર કથિતપણે સવાલ કર્યા છે ત્યારે વારંવાર આવા નિવેદનો કરનાર ને હવે ક્ષત્રિય રાજપૂત સમાજ માફ કરશે નહીં આ મુદ્દાને ગંભીરતાથી લઈ યોગ્ય કાર્યવાહી ચોક્કસ કરવામાં આવશે.

**ક્ષત્રિય રાજપૂત સમાજ ના ઐતિહાસને લઈ ક્ષત્રિયોને અવારનવાર ટાર્ગેટ કરવામાં આવે છે ગુજરાતમાં બીજેપીના સાંસદ પુરુષોત્તમ રૂપાલા એ પણ સમાજ ની બહેન દીકરી ઉપર કથિત ટીપ્પણી કરી હતી. અને ત્યાર પછી સમગ્ર. ગુજરાતમાં આંદોલન થયું હતું જેના કારણે ૪૦૦ પાર બીજેપીના સપનાનો ઘોડો ક્ષત્રીય સમાજે પકડી લીધો હતો.**

## ગુજરાત રાજયના ક્ષત્રિય રાજપૂત સમાજના રાજકીય નેતાઓ મોન ધારણ કર્યુ

### મહારાણા સાંગા ના અપમાન પર ગુજરાત ના નેતાઓ મોન કેમ ?

ગુજરાત ના ક્ષત્રિય સમાજ ના રાજકીય નેતાઓ જે મોદી અને રાહુલ ગાંધીના અપમાન ઉપર નિવેદન આપવા લાગે છે એ નેતાઓ મહારાણા સાંગા નું અપમાન લોકતંત્ર મા દેશની રાજયસભા મા કરવા મા આવે તેમ છતાં કોઇ પણ ક્ષત્રિય સમાજ ના રાજકીય નેતાઓ નું હજી સુધી એક નિવેદન નથી આવ્યું કે કોઈ પણ નેતા ના સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ પણ તેને લયને કરવા મા નથી આવી પાર્ટી સાથે લાગણી છે પણ સામાજના આદર્શ મહાપુરુષો ના અપમાન ઉપર મોન રહેવું એ નિંદનીય છે.

## સાંસદ સામે કાર્યવાહી માટે મેમોરેન્ડમ આપવામાં આવ્યું, સાંગા વિરુદ્ધ અભદ્ર ટિપ્પણીથી મેવાડ ગુસ્સે ભરાયા



**દેલવારા -** ૨૪ એપ્રિલ રાજયસભાના સંસદ ગયા શુક્રવારે રાજયમાં સભામાં મહારાણા સંગાને દેશદ્રોહી કહેવામાં આવ્યા બાદ સમગ્રદેશ સાથેમેવાડમાંપણ ઉશ્કેરાટ ફેલાયો હતો.રાષ્ટ્રની અખંડિતતા માટે ૮૦ ઘા સહન કરવા છતાં આક્રમણકારો સામે લડીને પોતાના જીવનનું બલિદાન આપનારા મહારાણા સંગા પર તેમની અપમાનજનક ટિપ્પણીથી દુ:ખી થયેલા દેશભક્તો દ્વારા સંસદનો વિવિધ સ્થળોએ વિરોધ કરવામાં આવી રહ્યો છે. સોમવારે, હેરિટેજ કન્ઝર્વેશન એન્ડ રિસ્ટોરેશન કમિટીએ રાષ્ટ્રપતિના નામે દેલવાડા તહસીલદારને એક આવેદનપત્ર સુપરત કર્યુંઅને સંસદ રામજી લાલ સુમનનું સભ્યપદ સમાપ્ત કરીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી. આ સમય દરમિયાન હેરિટેજ કન્ઝર્વેશન એન્ડ રિસ્ટોરેશન કમિટીના રાષ્ટ્રીય પ્રમુખ જોગેન્દ્ર મેનારિયા, જિલ્લા પ્રમુખ ભેરુલાલ ખટીક, ઉપપ્રમુખ મુરલીધર સોની, ખજાનચી પ્રભુદાસ વૈષ્ણવ, તહેસીલ પ્રમુખ રાજેશ ઔદીચ્ય, સંજય ઔદીચ્ય, એડવોકેટ ભૂપેન્દ્ર યાદવ, રામનિવાસ ઓઝા, જોગરાજ પાલીવાલ વગેરે હાજર રહ્યા હતા. તહસીલદારની ગેરહાજરીમાં, જવાબદારી વધારાના વહીવટી અધિકારી કુબેર સિંહ રાઠોડને સોંપવામાં આવી હતી.

### સ.પા.ના રાજય સભા સાંસદ રામજીલાલ સુમન ની જીભ લપસી મહારાણા સાંગા ના ઇતિહાસ પર કઠિત ટિપ્પણી નિવેદન કર્યું



સમાજવાદી પાર્ટીના રાજય સભા સાંસદ રામજીલાલ સુમન મહારાણા સાંગા ના ઇતિહાસને લઈને કઠિત ટિપ્પણી કરવામાં આવી છે જેને લઈને ભારત દેશના અને ગુજરાત ના તમામ રાજપૂત સમાજના સંગઠનો મા પ્રચંડ રોષ ની લાગણી ઊઠી... રામજીલાલ સુમન ની સંસદ ભવનમાં જીભ લપસી..

## ઔરંગઝેબની કબર વાસ્તવમાં મરાઠા પરાક્રમોનો પુરાવો છે

### ભાજપે અડવાણીની દશા એકાંતવાસ વેઠતા શાહજહાં જેવી કરી : રાઉત



મહારાષ્ટ્રમાં ધર્મઝનૂની અને ક્રુર મુઘલ શાસક ઔરંગઝેબની કબરના મામલે રાજકારણ ગરમાયું છે ત્યારે શિવસેના (યુ.બી.ટી.) ના વાચાળ નેતા સંજય રાઉર્તે ભારતીય જનતા પક્ષનું નિશાન સાધીને જણાવ્યું હતું કે વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીની દશા જોઈને મને બંદિવાન શાહજહાંની સ્થિતિ યાદ આવે છે. ઔરંગઝેબે તેના પિતા શાહજહાંને લાલ કિલ્લામાં કુંદ કરેલા.

શિવસેના (યુ.બી.ટી.) ના મુખપત્ર 'સામના'ની કોલમ 'રોખટોક'માં રાઉતે લખ્યું હતું કે ઔરંગઝેબની કબર હટાવવાની માગણી થાય છે. પણ ઔરંગઝેબની કબર તો મરાઠાના પરાક્રમનું સ્મારક ગણાય. આ કબર ઉખાડી નાખવાની માગણી થાય છે ત્યારે બીજી બાજુ ભારતમાં જેણે સૌથી વધુ હિસાચાર આચર્યો હતો એવાં સૌથી ક્રુર આક્રમણખોર તૈમુર લંગનું નામ એક ફિલ્મસ્ટારે પોતાના પુત્રને આપ્યું છે અને તેનું સન્માન (રાજ કપૂરના પરિવારજનો સાથે મુલાકાત કરી ત્યારે) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. એટલે તૈમુર સામે તમને વાંધો નથી અને ઔરંગઝેબની કબર તોડવાની વાતો કરવી છે. ઉલ્લેખનીય છે કે કરીના કપૂર તથા સૈફ અલી ખાને પોતાના પુત્રનું નામ તૈમુર રાખ્યું છે.


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

Date-26/03/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## એલાન-એ જંગ

### ફેસલા કૂછ ભી હો મંજૂર હોના ચાહિયે, જંગ હોયા ઈશ્ક ભરપૂર હોના ચાહિએ!

### વિસાવદર કી મત ભૂમિ ગોપાલ' કી! આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર જાહેર કરતાં રાજકારણમાં ગજબનો ગરમાવો



વિસાવદર ભૂપત ભાયાણીના રાજીનામા બાદ વિધાનસભાની ખાલી પડેલી વિસાવદર બેઠક પર પેટા ચૂંટણી યોજાવાની સંભાવના છે. જેને લઈને આમ આદમી પાર્ટીએ વિસાવદર બેઠક પર લેઉવા પાટીદાર એવા ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર બનાવ્યા છે. મહત્ત્વપૂર્ણ છે કે, ચૂંટણી પંચે હજુ સુધી ચૂંટણી માટે તારીખ જાહેર કરી નથી પણ તે પહેલાં જ અઅડ'એ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

આ અંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયાએ જણાવ્યું છે કે, વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ રઆપ' નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલભાઈ ઈટાલીયા ઉપર પસંદગી ઉતારી છે.

### સીટ ખાલી થયાને સવા વર્ષ છતાં કેમ યોજાઈ નથી પેટાચૂંટણી?

વર્ષ ૨૦૨૨ માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ભુપત ભાયાણી વિજયી થયા હતા. હાઇકોર્ટમાં વિસાવદર બેઠક પરથી હારેલા ઉમેદવારોએ જીતેલા ઉમેદવારની જીતને પડકારી હતી. જેની ઇલેક્શન પિટિશન પેન્ડિગ હોવાથી વિસાવદર બેઠક ઉપર પેટા ચૂંટણી યોજાતી નથી. ત્યારે કુલ ત્રણ અરજી હરેશ ડોબરિયા, મોહિત માલવિયા અને હર્ષદ રીબડીયા દ્વારા કરવામાં આવી હતી. જેમાંથી પહેલાં મોહિત માલવિયા દ્વારા અરજી પરત ખેચવામાં આવી હતી. બાદમાં હર્ષદ રીબડીયાએ પણ અરજી પરત ખેંચી હતી. જોકે, હરેશ ડોબરિયાએ હજી સુધી અરજી પરત ખેંચી ન હોવાથી પેટાચૂંટણીનો માર્ગ મોકળો થયો નથી. વિસાવદરમાં પેટા ચૂંટણી યોજવા માટે વર્ષ ૨૦૨૪ માં હાઇકોર્ટમાં થયેલી એક જાહેર હિતની અરજીમાં ઇલેક્શન કમિશન વતી ઉપસ્થિત થયેલા વકીલે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો ચુકાદા મુજબ ઇલેક્શન પિટિશન પેન્ડિંગ હોય તો તેનો નિકાલ ના થયા ત્યાં સુધી પેટા ચૂંટણી યોજી શકાય નહીં. કોર્ટે કહ્યું હતું કે, ઇલેક્શન પિટિશન પરત ખેંચાય તો આગળ કાર્યવાહી થાય. પેટા ચૂંટણી નહીં યોજવા પાછળ ઇલેક્શન કમિશન જવાબદાર નથી. આ એક ન્યાયિક પ્રક્રિયા છે. ત્રણ મહિના પહેલા અમરેલીના લેટરકાંડમાં પાયલ ગોટીની ધરપકડ કરાયા બાદ પોલીસે રિકન્સ્ટ્રક્શનના નામે રસ્તા પર ફેરવતાં રાજયભરમાં ચર્ચા જાગી હતી. જામીન મળ્યા બાદ યુવતીએ પોલીસ પર માર માર્યાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ સુરતમાં જાહેરમાં પોતાના શરીર પર પટા મારી માફી માગી હતી.

## કોગ્રેસ મહિલા અગ્રણીએ સસ્તા અનાજની દુકાને કરી જનતા રેડ




**બારડોલી-** બારડોલી મામલતદાર શ્રીને ફરિયાદ કરી તાત્કાલિક સ્થળ પર જઈને કાર્યવાહી કરવાની માંગ સાથે સ્થળ જઇને સરકારી કર્મચારી પુરવઠા નાયબ મામલતદાર તેમજ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી તેમાં સુરત કલેક્ટર ઓફિસના ડીએસઓ ને ટેલિફોનિક જાણ કરવામાં આવેલ.

બારડોલીના કાન ફળિયા માં આવેલ ગરીબોને અપાતા સરકારી અનાજ માં કટકીખાવ એક દુકાનદાર દ્વારા રેશનકાર્ડ પર અનાજ નો આંકડો અલગ બતાવી ઓછું આપવું તેમજ ગરીબ આદિવાસી તેમજ અન્ય લોકોને પણ અનાજ સરકારના નિયમ વિરુદ્ધ જઈને લોકો ને છેતરવાનું કામ કરતો હતો.

## કાંઠા વિસ્તારમાં કેચ ધ રેન અભિયાનઃદોઢ મહિનામાં ૨૭,૩૦૦ રિચાર્જ બોરવેલનું કામ થશે, મીઠા પાણીની સમસ્યા દૂર થશે




સુરત- સુરત જિલ્લાના કાંઠા વિસ્તારમાં વર્ષો જૂની મીઠા પાણીની તીવ્ર તંગી દૂર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'કેચ ધ રેન અભિયાન' અંતર્ગત મોટા પાયે વોટર રિચાર્જ બોરવેલ યોજના શરૂ કરવામાં આવી છે. દોઢ મહિનામાં ૨૭,૩૦૦ રિચાર્જ બોરવેલ તૈયાર થશે, જેનાથી વરસાદનું પાણી સીધું ભૂગર્ભમાં જશે અને જમીનના જળસ્તર ઊંચકવામાં મદદ મળશે.

વરસાદનું પાણી જમીનના ભૂગર્ભમાં ઉતારી દેવાનું અભિયાન શરુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં જમીનમાં જળસ્તર ઉપર લાવવા માટે વધુમાં વધુ વોટર હાર્વેસ્ટિંગ થાય તે દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે જળશક્તિ મંત્રાલય દ્વારા પણ વધુમાં વધુ દેશભરની અંદર બોરવેલનું કામ થશે. જેથી કરીને વરસાદનું આવતું પાણી વેસ્ટ જવાને બદલે સીધા જમીનના ભૂગર્ભમાં ઉતારી દેવાનો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સૌથી ઝડપથી આ કામને આગળ વધારી રહ્યું છે.

મોરા ગામ ખાતે વોટર રિચાર્જ બોરવેલનું ખાતમુહૂર્ત જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ દ્વારા દેશભરમાં ભૂગર્ભ જળને લઈને રકેચ ધ રેન પ્રોજેક્ટ અંતર્ગત કામ શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં વોટર હાર્વેસ્ટિંગનો મેસેજ વધુમાં વધુ લોકો સુધી પહોચાડીને આવનારા દિવસોમાં જળશંકર ઊભો થનારું છે, તેની સામે અત્યારથી જ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ભૂગર્ભ જળમાં જેટલા પાણીના સ્ત્રોત વધશે એટલું ઓછું આવશે અને આવનાર દિવસોમાં નદી-નાળા સહિતના જળ સ્ત્રોતમાં ગુણવત્તા સુધારવાની સાથે-સાથે ઉપલબ્ધતા પણ વધશે. ઓલપાડ ખાતે સી. આર. પાટીલના હસ્તે વોટર રિચાર્જ બોરવેલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાંઠા વિસ્તાર મીઠા પાણીની મુશ્કેલીમાંથી બહાર આવશે કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, સુરત જિલ્લાના કાંઠા વિસ્તારમાં સુધારવા માટે અને તેના જળ સ્ત્રોતને ઉપર લાવવા માટે વધુમાં વધુ વોટર રીચાર્જ બોરવેલ કરવાનું કામ શરૂ થઈ રહ્યું છે. આગામી દોઢ મહિના સુધીમાં ઓલપાડ તાલુકા સહિત જિલ્લામાં ૨૭,૩૦૦ જેટલા રિચાર્જ બોરવેલ કરવાની શરૂઆત કરી દેવામાં આવી

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૬૭ મો આઇ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી -** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૪/૦૩/૨૦૨૫ ને સથવારના રોજ ૬૬૭ માં આઇ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન ( નારાયણ સેવા ) શ્રી સાઈ પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.


## નવસારી જિલ્લા પોલીસે અનેક જગ્યાએથી દેશી, વિદેશી દારૂ પકડ્યો



નવસારી- નવસારી હાલમાં આરોપીઓ ઉપર કડક કાર્યવાહી કરવા માટે રાજયના ડીઆઇજી દ્વારા પોલીસ અધિકારીઓને કડક સૂચના આપી છે ત્યારે નવસારી જિલ્લા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ, અસમાજિક તત્વોના સરકારી જમીન ઉપર આવેલ ગેરકાયદે બાંધકામો તોડવા, બુટલેગર, અસામાજિક તત્વોને એલસીબી સંકુલમાં બોલાવી એસપી સુશીલ અગ્રવાલે છેલ્લી વોર્નિંગ સાથે ગુનો છોડી દો અથવા ગુજરાત છોડી દોનું એલટી મેટમ આપ્યું છે. જેને લઇ જે બુટલેધર પોલીસની સૂચનાને લઈ આવ્યા ન હતા જેઓની ગેરહાજરીની નોંધ લઈ છેલ્લા બે દિવસમાં રેડ પાડવામાં આવી રહી છે.

હાલમાં કોઈ પણ ગુનેગાર ઇલલીગલ કામ કરતા પહેલા વિચારે તેવો માહોલ પોલીસે ઉભો કર્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં પોલીસે વિવિધ સ્થળે રેડ કરી વિદેશી દારૂ, દેશી દારૂ, દેશી દારૂ બનાવવાના રસાયણ વેચનારા લોકો સામે અને દારૂના નશામાં જાહેરમાં ફરતા લોકો સામે કાર્યવાહી કરી છે. બે દિવસમાં ૧૫૦ કેસ કર્યા મળતી માહિતી મુજબ છેલ્લા બે દિવસમાં વિદેશી દારૂના ૨૨ કેસો કરી ૨૦૩૨૫ બાટલીઓ કીમત રૂ.૩૭.૯૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, તો દેશી દારૂ અને રસાયણના ૧૦૫ કેસો કરી રૂ.૯૪૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તો દારૂ પી ને જાહેરમાં રખડતા ૨૩ લોકોને લોકઅપમાં પૂર્યા હતા. કુલ ૧૫૦ કેસોમાં ૩૮.૯૪ લાખનો દારૂ અને વાહન મોબાઈલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ ૨૦.૬૦ લાખ જપ્ત કર્યો હતો. પોલીસે બે દિવસમાં કુલ ૫૯.૫૫ લાખની મતાનો મુદ્દામાલ જપ્ત કરતા બુટલેધરમાં ફફડાટ મચી ગયો છે.

## દેશમાં વિકાસના નામે દસ વર્ષમાં ૧૭૩૪ ચોરસ કિ.મી. જંગલો નષ્ટ, સૌથી વધુ ખાત્મો મધ્ય પ્રદેશમાં



દેશમાં છેલ્લા દસ વર્ષમાં દસ જ વર્ષમાં વિવિધ રાજ્યોમાં કુલ ૧,૭૩૪ ચોરસ કિ.મી. જંગલો કાપીને ડેવલપમેન્ટ એટલે કે રવિકાસ ની મંજૂરી અપાઈ છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આંકડાકીય માહિતી આપતા કહ્યું હતું કે, ૨૦૧૪-૧૫ અને ૨૦૨૩-૨૪ વચ્ચે વનનિયમ અધિનિયમ ૧૯૮૦ હેઠળ માળખાગત વિકાસ માટે ૧.૭૩ લાખ હેક્ટર વન-જંગલોની જમીન પર વિકાસની મંજૂરી અપાઈ હતી.

દેશમાં સૌથી વધુ ૭૭,૦૭૩ ચોરસ કિલોમીટર વન વિસ્તાર મધ્ય પ્રદેશમાં છે, જ્યાં દેશમાં સૌથી વધુ ૩૫૮.૫૨ ચોરસ કિલોમીટર જંગલ જમીન હેતુ ફેર કરાઈ છે. એવી જ રીતે, ગુજરાતમાં ૯૯.૮૫ ચોરસ કિ.મી., ઓડિશામાં લગભગ ૨૪૪ ચોરસ કિ.મી., તેલંગાણામાં ૧૧૪.૨૨ ચોરસ કિ.મી. અને અરુણાચલ પ્રદેશમાં ૯૪.૯૫ ચોરસ કિ.મી. જંગલ જમીન હેતુ ફેર કરાઈ છે.

## ધો.૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ હવેથી ભારતીય ન્યાય સંહિતા અને સાક્ષ્ય અધિનિયમ ભણશે

સુરત- એનસીઈઆરટી દ્વારા ધો. ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ભારતીય ન્યાય સંહિતા, નાગરિક સુરક્ષા અને સાક્ષ્ય અધિનિયમ જેવા મહત્વપૂર્ણ વિષયોને આવરી લેતા નવા શૈક્ષણિક મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યા છે.

આ મોડ્યુલ હેઠળ વિદ્યાર્થીઓ ભારતીય ન્યાયિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા, નાગરિક સુરક્ષા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય સંહિતા - ૨૦૨૩ વિશે અભ્યાસ કરશે.

ગુજરાત શિક્ષણ વિભાગના જીસીઇઆરટી દ્વારા આ મોડ્યુલના ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યા છે. જેથી ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ પાઠ સરળતાથી સમજી શકાય છે. આ મોડ્યુલ જિલ્લા શિક્ષણ અધિકારીની સત્તાવાર વેબસાઇટ તેમજ જીસીઇઆરટીના ગ્રોઅર રિસોર્સ બેંક પોર્ટલ પર ઉપલબ્ધ છે. સ્કૂલોએ અને શિક્ષકો તેને શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ વર્ક માટે ઉપયોગમાં લઈ શકે છે.

## કોસંબાઃ ગેરકાયદેસર રીતે ગેસ રીફીલીગ કરી વેચાણ કરતાં ઈસમને ઝડપી પાડતી સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસ




પ્રાપ્ત માહિતી મુજબ એસ.ઓ.જી. શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.જી ઈશરાણી

નાઓની સુચના અને પોલીસ સબ ઈન્સપેક્ટર જે.કે.રાવ નાઓનાં માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.શાખાની અલગ અલગ ટીમો દ્વારા ચોક્કસ દીશામાં વર્કઆઉટ કરતા ગઈ કાલ તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ એસ.ઓ.જી.શાખાના એ.એસ.આઈ. કિરણસિંહ લક્ષ્મણસિંહ તથા એ.એસ.આઈ.ભુપેન્દ્રભાઈ અંબીકાપ્રસાદ નાઓને તેઓના સયુક્ત બાતમીદાર થકી બાતમી હકિક્ત મળેલ જે આધારે મૌજે કોસંબાગામ, કુવરદાચોકડી પાસે, અર્બિકાનગર, ગાયત્રી જનરલ સ્ટોર નામની દુકાનમાં તા.માંગરોલ જી.સુરત ખાતેથી એક ઈસમને(૧) ઈન્ડીયન કંપનીના ૧૪ કિ.ગ્રા.ના ગેસના ભરેલ બાટલા નંગ-૩૧ જેની કુલ્લે કિ.રૂ.૯૩,૦૦૦/- તથા (૨) ઈન્ડીયન કંપનીના ૧૪ કિ.ગ્રા.ના ગેસના અર્ધ ભરેલ બાટલા નંગ-૦૨ જેની કુલ્લે કિ.રૂ.૫૦૦૦/- તથા (૩) ઈન્ડીયન કંપનીના ૧૪ કિ.ગ્રા.ના ગેસના ખાલી બાટલા નંગ-૦૨ જેની કુલ્લે કિ.રૂ.૪૦૦૦/- તથા (૪) ઈન્ડીયન કંપનીના ૧૯ કિ.ગ્રા.ના ગેસના ભરેલ બાટલા નંગ-૦૧ જેની કિ.રૂ.૪૦૦૦/-તથા (૫) એચ.પી. કંપનીના ૧૪ કિ.ગ્રા.ના ગેસના ભરેલ બાટલા નંગ-૦૩ જેની કિ.રૂ.૯૦૦૦/- તથા (૬) એચ.પી. કંપનીના ૧૪ કિ.ગ્રા.ના ગેસના ખાલી બાટલા નંગ-૦૩ જેની કુલ્લે કિ.રૂ.૪૦૦૦/- તથા (૭) એચ.પી. કંપનીના ૧૯ કિ.ગ્રા.ના ગેસના ભરેલ બાટલા નંગ-૦૩ જેની કિ.રૂ.૧૨,૦૦૦/- તથા (૮) એચ.પી. કંપનીના ૧૯ કિ.ગ્રા.ના ગેસના ખાલી બાટલા નંગ-૧૧ જેની કુલ્લે કિ.રૂ.૩૩,૦૦૦/- તથા (૯) રિલાઈન્સ કંપનીના ૧૫ કિ.ગ્રા.ના ગેસના ભરેલ બાટલા નંગ-૦૫ જેની કુલ્લે કિ.રૂ.૧૫,૦૦૦/- તથા (૧૦) ભારત કંપનીના ૧૪ કિ.ગ્રાના ગેસના ભરેલ બાટલા નંગ-૦૫ જેની કુલ્લે કિ.રૂ.૧૫,૦૦૦/- તથા (૧૧) ભારત કંપનીના ૧૯ કિગ્રાના ગેસના ખાલી બાટલા નંગ-૦૧ જેની કિ.રૂ.૩૦૦૦/- મળી કુલ્લે ડોમેસ્ટીક/કોમર્શિયલ બાટલા નંગ-૬૭ જેની કુલ્લે કિ.રૂ.૧,૯૭,૦૦૦/-તથા (૧૨) ઈલેક્ટ્રીક વજન કાંટો નંગ-૦૧ જેની કિ.રૂ.૪૦૦૦/- તથા (૧૩) બન્ને તરફની વાલ્વ (રેગ્યુલેટર) વાળી પાઈપ નંગ-૦૧ જેની કિ.રૂ.૫૦૦/- મળી તમામની કુલ્લે કિ.રૂ.૨,૦૧,૫૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે. અને મળી આવેલ ઈસમ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સદર ઈસમ અને કબ્જે કરેલ મુદ્દામાલને કોસંબા પો.સ્ટે. ખાતે સોંપેલ છે.

## વિશ્વ વન દિવસની ઉજવણી અંતર્ગત વ્યારા ખાતે વનશ્રી ફૂડ ફેસ્ટિવલ યોજાયું

### જિલ્લા કલેક્ટરશ્રી ડો. વિપિન ગર્ગે વનશ્રી ફૂડ ફેસ્ટિવલની મુલાકાતે





**તાપી -**વિશ્વ વન દિવસની ઉજવણી અંતર્ગત, તા. ૨૧ માર્ચ ૨૦૨૫ ના રોજ Forest and Food થીમ પર આધારિત વ્યારા વન વિભાગ દ્વારા વનશ્રી ફૂડ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફુડ ફેસ્ટીવલમાં બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ વન ઔષદીઓ ,વાનગીઓની પ્રદર્શની ગોઠવવામાં આવી હતી. આ ઉત્સવનું આયોજન વ્યારા વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય વન અને ખાદ્ય સંસાધનોના મહત્ત્વને ઉજાગર કરવાનો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગે વનશ્રી ફૂડ ફેસ્ટિવલની મુલાકાત લીધી હતી. જેમાં વન વિભાગ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અને બહેનઓ દ્વારા ચલાવવામાં આવતી વનશ્રી રેસ્ટોરન્ટની મુલાકાત લઇ વિગતે માહિતી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન ડીસીએફ સચિન ગુપ્તા અને આર.એફ. ઓ અનિરૂધ્ધ સંધાની સહિત વ્યારા ફોરેસ્ટ વિભગના અન્ય અધિકારી કર્મચારીઓ, આંગણવાડીના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## ભરૂચ પોલીસે બીમાર ગાયની ૨૪ કલાક સારવાર કરી મરણપથારીએથી બચાવી



ભરૂચ- ભરૂચ શહેરમાં પોલીસની માનવતા સભર કાર્યવાહીનો કિસ્સો સામે આવ્યો છે. સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પટાંગણમાં બે દિવસથી એક બીમાર ગાય બેસી રહી હતી.

ડી સ્ટાફના એએસઆઈ શૈલેષ નાઈ અને અજય ભરવાડે આ ગાયની સ્થિતિ જોઈને તાત્કાલિક પશુ ચિકિત્સકને બોલાવ્યા. પોલીસ ઇન્સ્પેક્ટર વી.આર. ભરવાડે જીવદયા પ્રેમી આશિષ શર્માની મદદ લીધી. પોલીસકર્મીઓએ ૨૪ કલાક સુધી ગાયની સતત દેખરેખ રાખી.

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......


તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

### ઉદ્યોગ સાહસિકો માટે એચીવમેન્ટ મોટિવેશન જરૂરી

એચીવમેન્ટ મોટીવેશન એટલે કાંઈક નવું કરવાની અને મેનેજમેન્ટનાં સંદર્ભમાં નવો ઉદ્યોગ સ્થાપવાની તાલાવેલી અથવા અદમ્ય ઝંખના કે આંતરિક પ્રેરણા. તમે ધંધા સ્થાપકોના સંતાનો હોવ તો તમારામાં કશું સિદ્ધ કરવાની ઝંખના (એચીવમેન્ટ ઓરીમેન્ટેશન) હોય પણ ખરી અને ના પણ હોય. સિદ્ધિપ્રેરણા વારસાગત હોતી નથી.

એચીવમેન્ટ મોટીવેશન તે એક કન્સેપ્ટ (વિભાવના) છે તેને સિધ્ધિ પ્રેરણા પણ કહે છે તે માનવ મનની ઉપજ છે. સાયકોલોજીમાં જે વિચારોને ચકાસી શકાય જેને માપી શકાય તેને મેન્ટલ કન્સ્ટ્રક્ટ કહેવામાં આવે છે. સંશોધન કરનારાઓએ પ્રથમ તો એ સવાલ કર્યો છે કે ધારો કે આપણે સીધી પ્રેરણાને નિશ્ચિતરૂપે માપી શકીએ તો પણ શું એચીવમેન્ટ મોટીવેન્ટેશ કે મોટીવેશન ધરાવતી વ્યક્તિઓ નવા ધંધાઓ સ્થાપે છે ખરા ? એચીવમેન્ટ મોટીવેન્ટેશનનો ઉદ્યોગ સાહસીક્તાની સાથે સહસંબંધ (કોરીલીશન) છે કે નહીં તેની તપાસ કરવી પડે. ધંધા સ્થાપકોની ઓળખ બીનધંધા સ્થાપકોથી અલગ ઓળખાણ કરવાનું કામ આસાન નથી. કોઈ ચિત્રકાર, ગાયક, ડાન્સર, એક્ટર, અધ્યાપકનું તેમના ક્ષેત્રોમાં ઘનિષ્ઠ એચીવમેન્ટ મોટીવેશન હોઈ શકે છે. સિધ્ધીપ્રેરણા અંગેના ઘણા અભ્યાસો થયા છે પરંતુ તે બધામાં એક પ્રશ્ન સૌથી અગત્યનો છે કે વ્યક્તિના કયા લક્ષણોને કે વર્તનને સીધ્ધીપ્રેરણા સાથે સાંકળી શકાય? જુદાજુદા સંશોધકોએ આ 'કન્સ્ટ્રક્ટ'ને માપવા જુદા જુદા માપદંડોનો ઉપયોગ કર્યો છે. આમાના અમુક અભ્યાસોમાં પણ સિદ્ધિપ્રેરણાવાળુ વ્યક્તિ એટલે જે વ્યક્તિગત જવાબદારી લઈ શકે તેને કે જે વ્યક્તિઓ અનિશ્ચીતનાઓનો સામનો કરી શકે છે તેને કે પછી જે ધંધા માટે નવી નવી શોધો કરી શકે તેને કે પછી જે વ્યક્તિ પુષ્કળ મહેનત કરી શકે તેને કે પછી સૌથી વધારે ગણતરીપૂર્વકનું જોખમ (કેલક્યુલેટેડ રીસ્ક) લઈ શકે તેને શું ભવિષ્યનો ઉદ્યોગ સાહસિક ગણી શકાય ? આ કન્સ્ટક્ટના પિતા ગણાતા ડેવીડ એકલીલેન્ડે સિદ્ધિપ્રેરણા માપવા જે ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો તેને ટીએટી એટલે કે થીમેટીક એપ્રીસીવેશન ટેસ્ટ કહે છે.

આ ટેસ્ટ એવો છે કે તેમાં માનવીની લાક્ષણિકતાઓ શોધવાનું કે તેનું અર્થઘટન કરવાનું કામ મુશ્કેલ છે અને તેમાં જુદાજુદા પૃથક્કરણ માટે અવકાશ છે. સાયકોલોજીના ઘણા કન્સેપ્ટસ અર્મૂત હોય છે જેમ કે મોટીવેશન, અચેતન મન, સ્કૂરણા, માઈન્ડ એટલે કે મન, એટીટયુડઝ, પર્સનાલીટી, લાગણીઓ કે આંકાક્ષા. વિજ્ઞાન પોતાની પૂર્વ ધારણા (હાયપોથીસીસ)ને સાબીત કરવા વિજ્ઞાન મરણીયા પ્રયત્નો કરે છે. આ ક્ષેત્રમાં કોલેજના વિદ્યાર્થીઓ પર સંશોધન કરીને સાબીત કર્યું કે ધંધા ઉદ્યોગની ધગશ કે તીવ્ર મોટીવેશન ધરાવતા લોકોમાં નીચેના ચાર લક્ષણો ધંધો કરવાની પ્રેરણા નહીં ધરાવતા લોકો કરતા વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ચાર લક્ષણો ખૂબ અગત્યના હોવાથી તેમને રીપીટ કર્યા છે. ૧) અનીશ્ચતતાનો સામનો કરવાની તાકાત, ૨) ગણતરીપૂર્વકનું જોખમ લેવાની આવડત, જુગારીઓની જેમ અંધાધૂંધ જોખમ ના ચાલે, ૩) વ્યક્તિગત જવાબદારી લેવી - બીજા પર કે પરિસ્થિતિ પર દોષ ઢોળી ના દેવો, ૪) ધંધો શરૂ કરવાના કે ચલાવવા માટે જે મુશ્કેલીઓ નડે તેનું નિરાકરણ કરવાની આવડત. આ ચારેય લક્ષણોના ભવિષ્યમાં ધંધા સ્થાપકોના લક્ષણો અને ધંધો નહીં સ્થાપનાર લક્ષણો વચ્ચે તફાવત હોવો જોઈએ. આ તફાવત જેવો તેવો ના ચાલે. સેમ્પલની સાઇઝ પ્રમાણે તે સ્ટેટીસ્ટીકસની દ્રષ્ટિએ સીગ્નીરીકન્ટ એટલે કે નોધપાત્ર જુદો હોવો જોઈએ. સ્ટેટીસ્ટીકસની દ્રષ્ટિએ નોધપાત્ર તફાવતો કોને કહેવાય તે અંગે સેમ્પલ સાઇઝ પ્રમાણે જુદાજુદા માપદંડો હોય છે.

વૈજ્ઞાનીક ચકાસણી માટે ડબલ બ્લાઈન્ડ વીધ કન્ટ્રોલ સ્ટડી જોઈએ. આયુર્વેદમાં હજી સંપૂર્ણપણે આ પદ્ધતિ દાખલ થઈ નથી. પ્રયોગકારે તેના જુથોને રેન્ડમલી (યથેચ્છ) બનાવવા પડે. રેન્ડમ એટલે કોઈપણ પક્ષપાત, ગમા, અણગમાથી ઉપરવટ થઈને સેમ્પલની પસંદગી કરવી. સમગ્ર સ્ટેસ્ટીકસમાં 'રેન્ડમ'નો અપાર મહીમા છે. જો સેમ્પલ રેન્ડમ ના હોય તો તેના આધારે કરેલા વિધાનો વિશ્વસનીય ગણી ના શકાય. તેવી જ રીતે કોઈ દાવાને ચકાસવા જે નિષ્પક્ષપાતી નિરીક્ષણો કરીને તેને માપવા અનિવાર્ય છે. યાદ રહે કે એક્સપરીમેન્ટલ સ્ટડી એટલે કે અનુભવજન્ય અભ્યાસ પૂરતો નથી. તે માટે એક્સપરીમેન્ટલ સ્ટડી અને સાબીતી જોઈએ. જગતમાં હજારો અને લાખો લોકો નવો ધંધો શરૂ કરે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●


સંપર્ક– અનિલભાઈ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## મિશન શહેર વિકાસ ના સૂત્ર સાથે SMCનું ઐતિહાસિક બજેટ



**સુરત-**સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે રજૂ કરેલા અંદાજિત બજેટ બાદ આજે સ્થાયી સમિતિ સમક્ષ બજેટ રજૂ કરાયું. સ્થાયી સમિતિમાં સુધારા-વધારા સાથે વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું ઐતિહાસિક ૧૦,૦૦૩.૯૨ કરોડનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં શહેરની વિકાસયાત્રા માટે સૌથી વધુ ડામર રોડ ને બદલે હવે શહેરના ટી.પી. રોડ સિમેન્ટના બનાવવા પાછળ ખર્ચ કરાશે તો બીજી તરફ ૮૦,૦૦૦ ચેમ્બર પર GPS મેપિંગથી નજર રખાશે.

**ડ્રાફ્ટ બજેટમાં ૪૦૧.૧૧ કરોડનો વધારો કરાયો**

શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને શિક્ષણ, આરોગ્ય, પ્રાથમિક જરૂરિયાતો, રોડ-રસ્તા, બ્રિજ જેવી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાનું બજેટ ૧૦,૦૦૦ કરોડને પાર થયું છે. ડ્રાફ્ટ બજેટમાં ૪૦૧.૧૧ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. આ બજેટમાં રેવન્યુ ખર્ચમાં ૬૦.૨૨ કરોડનો વધારો કરીને કુલ રેવન્યુ ખર્ચ ૫,૧૦૦.૯૮ કરોડ જેટલો રજૂ કરાયો તો કેપિટલ ખર્ચમાં ૩૪૦.૮૯ કરોડનો વધારો કરીને કુલ કેપિટલ ખર્ચ ૪,૯૦૨.૯૪ કરોડ કરાયો. જોકે, કર-દરમાં કોઈપણ પ્રકારના વધારા વગર બજેટ રજૂ થયું છે.

**શિક્ષણ સમિતિ માટે ૪૪.૫૦નાં વધારાની જોગવાઈ કરાઈ**

સ્થાયી સમિતિ દ્વારા સને ૨૦૨૫-૨૬ના બજેટમાં કરેલ આયોજન પૈકી શહેરનાં ગરીબ - શ્રમજીવી પરિવારોનાં બાળકો માટે આશીર્વાદ રૂપ શિક્ષણ સમિતિની શાળાઓમાં રમત-ગમતનાં સાધનોની કીટ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા રજુ કરવામાં આવેલ ૧૦૫૮ કરોડની જોગવાઈ સામે શાસકો દ્વારા ૪૪.૫૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. સ્થાયી સમિતિ દ્વારા સુધારેલ બજેટમાં હવે શિક્ષણ સમિતિ માટે ૧૧૦૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સમિતિની શાળાઓમાં વિસ્તારની જરૂરીયાત અને ક્લાસ રૂમની ઉપલબ્ધતા અનુસાર નવી આંગણવાડીઓ શરૂ કરવાનું પણ આયોજન કરાયું છે.

**૧૦૪ મીટરની ઉંચાઈનું હાઈડ્રોલિક પ્લેટફોર્મ ખરીદાશે**

તક્ષશીલા હોનારત બાદ સુરત મહાનગર પાલિકા શહેરીજનોની જાનમાલની સુરક્ષા માટે કરોડો રૂપિયાના ખર્ચે ફાયર વિભાગને અત્યાધુનિક બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વક આગળ વધી રહ્યું છે. જેમાં સ્થાયી સમિતિ દ્વારા આગામી સમયમાં સુરત શહેરમાં ગગનચુંબી ઈમારતોમાં આગ જેવી હોનારતમાં અત્યંત જરૂરી ૧૦૪ મીટરની ઉંચાઈનું હાઈડ્રોલિક પ્લેટફોર્મ ખરીદવાનું નક્કી કરાયું છે. હાલમાં સુરત મહાનગર પાલિકાના ફાયર વિભાગ પાસે માત્ર ૯૦ મીટરની ઉંચાઈ ધરાવતું હાઈડ્રોલિક પ્લેટફોર્મ છે પરંતુ, આગામી દિવસોમાં સુરતમાં ૧૦૦ મીટરની ઉંચાઈ ધરાવતાં અનેક પ્રોજેક્ટોનું નિર્માણ થનાર હોવાને કારણે આ સુવિધા ઉભી કરાશે. આ હાઈડ્રોલિક પ્લેટફોર્મ ૩૬૦ ડિગ્રી ફરી શકે તે મુજબ છે અને તેમાં ગણતરીનાં સમયમાં ઈમારતોમાં ફસાયેલા નાગરિકોનું રેસ્ક્યુ કરી શકવાની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ સિવાય ધુમાડાને બહાર કાઢવા સ્મોક એક્ઝોસ્ટ ફેન અને ફાયર ફાઈટીંગ માટે મોનિટરની સુવિધાનો પણ સમાવેશ કરાયો છે.

**સ્મીમેર હોસ્પિ.માં વધુ ૨૪ નિઓનેટલ ઈઈઝ બેડની સુવિધા ઉભી કરાશે**

બાળ મરણ પર અંકુશ મેળવવા માટે સુરત મહાનગર પાલિકાના શાસકો દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં વિશેષ સુવિધાઓ ઉભી કરવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. જેને પગલે સ્મીમેરમાં હવે નવજાત બાળકો માટે ૫૦ ICU બેડની સુવિધા ઉપલબ્ધ થતાં ક્રિટીકલ કંડશનમાં જન્મતા બાળકોને તાત્કાલિક સઘન સારવાર મળી રહેશે. આ સિવાય માતૃ મરણ અને બાળ મરણ અટકાવવા માટે સ્મીમેર હોસ્પિટલનાં ગાયનેક વિભાગમાં રાષ્ટ્રીય સ્તરનાં લક્ષ્ય સર્ટિફિકેશન અંગેની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. જયારે અત્યાધુનિક AI ટેક્નોલોજીનાં ઉપયોગથી ગર્ભસ્થ ભ્રૂણનું મુલ્યાંકન, પ્રિ-ટર્મ ડિલીવરી અને અન્ય સંભવિત જોખમોનું પણ સમયસર નિદાન થાય તે પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાશે.

**લિબાયત, વરાછા અને ઉધનામાં અલાયદા પાણી પુરવઠો પુરૂં પાડવાનું આયોજન**

વિકાસ અને વસ્તીથી ફાટફાટ થતાં સુરત મહાનગર પાલિકામાં નવા હદ વિસ્તરણ બાદ છેવાડાના વિસ્તારોમાં હાલમાં પીવાના પાણીની સમસ્યા પર વહીવટી તંત્ર દ્વારા ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અલબત્ત, શાસકો દ્વારા બજેટ અંગે મેરેથોન ચર્ચા દરમિયાન લિંબાયત અને વરાછા ઝોન વિસ્તારમાં વસ્તીને ધ્યાને રાખીને અલાયદો પાણી પુરવઠો પુરૂં પાડવા અંગેનું આયોજન કર્યું છે. જેને કારણે આ બંને ઝોન વિસ્તારમાં વસવાટ કરતાં નાગરિકોની પીવાના પાણી સમસ્યા ભુતકાળ બનશે. હાલમાં સુરત શહેરમાં ૯૫ ટકા વિસ્તારમાં નળ દ્વારા પાણી પુરવઠો પહોંચાડવામાં આવી રહ્યો છે ત્યારે ઉધના ઝોનમાં પણ સમાવિષ્ટ કનકપુર - કનસાડમાં પણ અલાયદા પાણી પુરવઠાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સિવાય ડ્રેનેજ વિભાગ અંતર્ગત અલગ-અલગ ઈન્ટેક વેલ, બુસ્ટર તથા જળવિતરણ મથકો ખાતે ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ સહિત સાધનોના અપગ્રેડેશનનું આયોજન કરાશે.

### આધુનિક યુગમાં માનવ સભ્યતાનો વિકાસ થયો છે...છતાંય

## આજે આદિ અનાદિ કાળથી ધરતી માતા નાં ખોળે પ્રકૃતિના સાંનિધ્યમાં વસતો સમાજ એટલે આદિવાસી સમાજ તરીકે જેમાં સ્થાન મળ્યું છે એવો સમાજ આ ગામીતસમાજ તરીકે જેની ઓળખ છે




આધુનિક યુગમાં માનવ સભ્યતાનો વિકાસ થયો છે. છતાંય આજે આદિ અનાદિ કાળથી ધરતી માતા નાં ખોળે પ્રકૃતિના સાંનિધ્યમાં વસતો સમાજ એટલે આદિવાસી સમાજ તરીકે જેમાં સ્થાન મળ્યું છે એવો સમાજ આ ગામીતસમાજ તરીકે જેની ઓળખ છે. જે આજનાં સાંપ્રત સમયનાં પ્રવાહ માં અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા અને વેદના અનુભવતો અત્યંત વિકટ પરિસ્થિતિમાં ઓ સામે આજે અસ્તિત્વ ની લડાઈ લડવા મજબુર બન્યો છે ત્યારે અનેક વિચારો ઉદ્દભવે છે જે વિચારવંત માનવી ને હચમચાવી નાંખે ત્યારે જે કોઈ સમસ્યાઓ છે જેનો ઉકેલ પણ અવશ્ય હોય જ છે.

એ દિશામાં આજનો યુવાવર્ગ કાર્યવંત થયો છે જેના ભાગરૂપે આજદિન તારીખ ૨૩/૦૩/૨૦૨૫ નાં રવિવાર નાં રોજ ગામીતસમાજ ની કુળદેવી દેવલી માડી નાં મંદિર પરિસરમાં મમતામય માતા નાં ચરણોમાં અખિલ ભારતીય દેવલી માડી ગામીત સમાજ ની એક ચિંતન બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેક સમસ્યાઓ નો ઉકેલ લાવવા નાં ઉદ્દેશ સાથે નાં પ્રયાસો કરવા જોઈએ એ બાબતોનું મંથન કરવામાં આવ્યું જેમાં ગામીત સમાજ નાં અનેક યુવાનો યુવતીઓ વડીલો આગેવાનો અગ્રણીઓ મહાનુભાવો ઉપસ્થિત રહી પોતાનાં કિંમતી સુચનો અને અભિપ્રાયો આપી પોતાનું સમાજ પ્રત્યે નુ યોગદાન અને સમાજ પ્રત્યે નું ઋણ અદા કરવા હાજરી આપી હતી.

જેમાં મોટી સંખ્યામાં લોકો વિવિધ ગામોમાં થી આવ્યા હતા. જેમાં આદિવાસી ગામીત સમાજ નાં રીતી-રિવાજો.પરંપરા.સંસ્કૃતિ ઉપરાંત સામાજિક સંસાધનો સચવાય અને સ્થાનિક વિવાદો નો ઉકેલ સ્થાનિક કક્ષાએ થી લાવી શકાય એ માટે ગ્રામસભા ને મળેલી સત્તાનો ઉપયોગ કરી એક અભિયાન ની પહેલ કરવા આયોજનો કરવામાં આવે તેવી બાબતો નો વિચારો ગામીત સમાજ નાં લોકો સમક્ષ રજૂ કરવામાં આવ્યો. જેમાં નવાં ગામીત સમાજ ની રચના કરવામાં આવે એવો પ્રસ્તાવ મૂક્યો હતો અને ઉપસ્થિત લોકો પાસે થી અભિપ્રાયો અને સુચનો કરવા જણાવવા વિંનતી કરવામાં આવી હતી.

## બારડોલીમાં ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનો આપઘાતઃ આશ્રમ શાળાના બાથરૂમમાં દુપટ્ટાથી ફાંસો ખાધો



**બારડોલી-** બારડોલી તાલુકાના ભુવાસણ ગામની ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં એક કરુણ ઘટના સામે આવી છે. શાળામાં રહીને અભ્યાસ કરતી ૧૬ વર્ષની રાધિકા નામની વિદ્યાર્થિનીએ આશ્રમના ત્રીજા માળે નવા બની રહેલા બાથરૂમમાં દુપટ્ટાથી ફાંસો ખાઈને આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં બારડોલી ગ્રામ્ય પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

મારી છોકરી ભુવાસણ ગામની આશ્રમ શાળામાં ભણતી હતી. સવારમાં ટીચરનો ફોન આવ્યો કે તમે અર્જન્ટ આવો. અમે અહીં આવ્યા ત્યારે ખબર પડી કે અમારી છોકરીએ ગળાફાંસો ખાઈ લીધોછે.

આશ્રમ શાળાના ઇન્ચાર્જ આચાર્ય નરેશ પટેલના જણાવ્યા મુજબ, આજરોજ સવારની પ્રાર્થના સભામાં બે વિદ્યાર્થિનીની ગેરહાજરી નોંધાઈ હતી. તપાસ દરમિયાન એક વિદ્યાર્થિનીએ શાળાના મેડમને ઉપર આવવા જણાવ્યું, જયાં આ કરુણ ઘટના સામે આવી હતી. આશ્રમના ત્રીજા માળે નવા બની રહેલા બાથરૂમમાં રાધિકા નામની વિદ્યાર્થિનીએ દુપટ્ટાનો એક છેડો લાકડા સાથે અને બીજો છેડો ગળે બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધોહતો. ઘટનાની જાણ થાતંજ આશ્રમ શાળાના સંચાલકોએ તરત જ પોલીસ, શાળાના ટ્રસ્ટીઓ અને વિદ્યાર્થિનીના વાલીને જાણ કરી હતી.જેને લઈ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

જયાં શાળાના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓનાં નિવેદન લેવાનું શરૂ કરી દીધું છે. આપઘાતનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. હાલ આ સમગ્ર કેસની તપાસ ડ્જઈપી.ડી.ચૌધરી કરી રહ્યા છે.

દુપટ્ટાનો એક છેડો લાકડા સાથે અને બીજો છેડો ગળે બાંધી ફાંસો ખાધેલી હાલતમાં વિદ્યાર્થિનીનો મૃતદેહ મળ્યો. દુપટ્ટાનો એક છેડે લાકડા સાથે અને બીજો છેડો ગળે બાંધી ફાંસો ખાધેલી હાલતમાંવિદ્યાર્થિનીનો મૃતદેહ મળ્યો.

Date-26/03/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલી નગરમાં ૨૦ કરોડના ખર્ચે ૧૪ જેટલા વિકાસ કામો હાથ ધરાશે

### ફાયર સ્ટેશન, રસ્તા, ગટરલાઇન, સોલાર સિસ્ટમ સહિતના કામો થશે



બારડોલી - બારડોલી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર વિવિધ વિકાસ કાર્યોનો આજે સ્થાનિક ધારાસભ્ય ઈશ્વરભાઇ પરમારની ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો. બારડોલી નગરના મારીમાતા વિસ્તાર નજીક આયોજિત કાર્યક્રમમાં વિધાનસભા વિસ્તારના કુલ ૧૪ જેટલા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું જેની અંદાજિત કિંમત ૨૦ કરોડ રૂપિયા છે.

આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે, બારડોલી નગરના વિકાસ માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને આગામી સમયમાં પણ અનેકવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. આજે ખાતમુહૂર્ત થયેલા કાર્યોમાં અદ્યતન ફાયર સ્ટેશન, વિવિધ ડામર અને સીસી રોડનું નિર્માણ, બારડોલીના રાજમાર્ગો પર નવા ડિવાઈડરનો સમાવેશ થાય છે, જેમાં બારડોલી સત્યાગ્રહની ઝાંખી જોવા મળશે. આ ઉપરાંત બોક્સ ડ્રેનેજ, ગટરલાઈન અને સોલાર સિસ્ટમને લગતા કામોનો પણ સમાવેશ થાય છે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં બારડોલી નગરપાલિકાના ચીફ ઓફિસર મિલનભાઈ પલસાણા, પાલિકા પ્રમુખ ધર્મેશભાઈ પટેલ, કારોબારી ચેરમેન જીતુભાઈ પાટીલ, નગર સંગઠન પ્રમુખ અનંત જૈન, જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ કેતન પટેલ અને નગરપાલિકાના વિવિધ વોર્ડના નગરસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસ કાર્યોથી બારડોલી નગરની સુવિધાઓમાં વધારો થશે અને નાગરિકોને તેનો લાભ મળશે.

## બારડોલી નગરમાં વિકાસકામોને વેગ મળ્યોઃ ૧૯૨૮ના સત્યાગ્રહની થીમ ઉપર સ્ટેશન રોડનું નવીનીકરણ થશે




૨૦.૩૪ કરોડના ખર્ચેવિવિધ ૧૪ જેટલા વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં, અદ્યતન મોડેલ ફાયર સ્ટેશન, સોલર સિસ્ટમ કામગીરીની કામગીરી કરવામાં આવશે


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥

જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 / 94268 10292

શ્રી બાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-



શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.



જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે. આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb


સુરત ગ્રામ્યમાં દારૂની હેરાફેરી ઝડપાઈ

## સાયણમાંથી ૧૦૦૮ બોટલ વિદેશી દારૂ સાથે બે આરોપી પકડાયા, ત્રણ ફરાર



બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે સાયણ વિસ્તારમાંથી વિદેશી દારૂની મોટી ખેપ પકડી પાડી છે. પોલીસે બાતમીના આધારે સાયણ ગોથાણ રોડ પરથી ૧૦૦૮ બોટલ વિદેશી દારૂ સાથે બે આરોપીઓને ઝડપી લીધા છે.

પકડાયેલા આરોપીઓમાં ગીરીશભાઇ મોહનભાઈ પટેલ (ઉ.વ.૫૫) અને સંજયભાઇ ધીરૂભાઇ રાઠોડ (ઉ.વ.૪૬) નો સમાવેશ થાય છે. જ્યારે અજય રણજીતભાઇ રાઠોડ, પ્રવિણ ઉર્ફે પીન નટવરભાઇ પટેલ અને એક કિયા સેલ્ટોસ કારનો ચાલક ફરાર છે.

પોલીસે કુલ રૂ. ૩,૭૫,૮૬૮ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં વિદેશી દારૂની બોટલો કિંમત રૂ. ૧,૬૪,૨૦૮, મારુતિ ઇકો ગાડી કિંમત રૂ. ૨,૦૦,૦૦૦, બે મોબાઇલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦ અને રોકડ રકમ રૂ. ૧,૬૬૦નો સમાવેશ થાય છે.

આ કાર્યવાહી પ્રેમવિરસિંગ અને હિતેશકુમાર જોયસરના માર્ગદર્શન હેઠળ કઇઇ અને પેરોલ ફર્લો સ્કોડની ટીમે અમલમાં મૂકી હતી. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દસ્તાવેજ નોધણી માટે વધારાના સબ રજીસ્ટ્રાર સહિત કચેરીનો સમય વધારાયો

### સબ રજિસ્ટ્રાર કચેરી ૩૧ માર્ચ સુધી સવારે ૯ કલાકે ખુલશેઃ

**ઓલપાડ, કુંભારીયા અને કામરેજ સબ રજિસ્ટ્રાર કચેરીમાં વધુ ૧ સબ રજિસ્ટ્રારની વરણી**



સુરત- ૩૧ માર્ચ બાદ જંત્રી વધારાની દહેશત સહિત નાણાકીય વર્ષ પૂર્વે વિવિધ મિલકતોની રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુરી કરવા માટે સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં લાંબી લાઇનો લાગતા રાજ્ય સરકાર દ્વારા સુરતની ૩ સબ રજિસ્ટ્રાર કચેરીમાં વધારાના એક સબ રજિસ્ટ્રારની નિમણૂક સાથે અન્ય સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી માટેનો સમય પણ વધારવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ સુરતની વિવિધ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલકતોની નોધણી માટે લાંબી લાઇનો લાગતા રાજ્ય સરકાર દ્વારા સુરતની ઓલપાડ કુંભારીયા અને કામરેજ સબ રજિસ્ટ્રાર કચેરીમાં વધારાના એક સબ રજિસ્ટ્રારની વરણી કરવામાં આવી છે.

આ સાથે નાગરિકોના ધસારાને પહોંચી વળવા તા.૩૧ માર્ચ સુધી સુરત સહિત રાજકોટ, વડોદરા અને અમદાવાદ સબ રજિસ્ટ્રાર કચેરીનો સમય સવારે ૯ કલાકથી સાંજના ૬:૧૦ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે.

વધુમાં વિગતો મુજબ સુરતની નવાગામ, કતારગામ, અબ્રામા અને અલ્થાણ સબ રજિસ્ટ્રાર કચેરીમાં નિયમિત એપોઈન્ટમેન્ટ કરતા ૧૮ એપોઈન્ટમેન્ટ વધારવામાં આવી છે.


ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


## સાપુતારા જેનાંથી પ્રખ્યાત છે તે સાપ વાળું ગાર્ડન પ્રવાસીઓ માટે બંધ કરી દેતાં નારાજગી



ડાંગ- ગુજરાતનું નાંમાકિત પ્રવાસન સ્થળ ગિરીમથક સાપુતારા ને પ્રવાસન વિભાગે પ્રવાસન સ્થળ જાહેર કર્યો ત્યારે સાપુતારા માં પ્રવાસીઓનાં મનોરંજન માટે કોઈ એકટીવી થતી નહી રોઝ ગાર્ડન, બોટીંગ, રોપ-વે તેમજ સ્વાગત સર્કલ તેમજ મ્યુઝીયમ અને સર્પગાર્ડન હતું સર્પગાર્ડન માં સાપુતારા નાં નામ પ્રમાણે તેમાં મોટું સાપનું સ્ટેચ્યું બનાવાયું છે સાપુતારા માં ફરવા આવતા પ્રવાસીઓ બોટીંગ, રોપવેની મજા માણ્યા બાદ અચુક સર્પગાર્ડન માં આવી સાપ સાથે ફોટોગ્રાફી કરી તેમનાં સાપુતારાનાં પ્રવાસને યાદગાર બનાવતાં હતાં સાપ સાથે પાડેલાં ફોટા તેમનાં સ્વજનો, મિત્રો વર્તળ ને બતાવતાં હતાં સાપુતારા નો પ્રવાસ ખેડવાનો વિચાર આવે એટલે પ્રવાસીનાં મન માં સાપનું ચિત્ર ઊપસી આવે છે.

પ્રવાસીઓનો ફેવરેટ સ્થળ હોવાં છતાં કોઈક કારણોસર સાપુતારા નોટીફાઈડ વિભાગે છેલ્લા ધણા સમયથી આ સર્પગાર્ડન નાં ગેટ પર તાળું મારી દેતાં પ્રવાસીઓમાં નારાજગી વ્યાપી ગઈ છે તેમજ ગાર્ડનું ધણા સમયથી રિપેરીંગ કે નવીનીકરણ કરાયું નથી અંદર પ્રવાસીઓ માટે ગોઠવેલાં બાકડા તુટીને જર્જરિત થઈ ગયાં છે નાના બાળકો માટે મુકવામાં આવેલી લીસળપટ્ટી પણ કાટખાઈને તુટી ગઈ છે માટે પ્રવાસન વિભાગ વહેલીતકે આ ગાર્ડન પ્રવાસીઓ માટે નવીનીકરણ કરી ખુલ્લો મુકે તે પ્રવાસીઓનાં હિતમાં છે.

**ઉમરપાડા પોલીસ સ્ટેશનના વડપાડા ગામની સીમમાં જંગલમાં**

## વિદેશી દારૂના જથ્થાનુ કાર્ટીગ કરી દારૂનો જથ્થો સગેવગે કરે તે પહેલા જ દારૂના જથ્થા સાથે સ્કોર્પીયો ગાડી તથા ઇકો ગાડી મળી કુલ્લે કિ.રૂ.- ૮,૭૭,૯૯૨ નો મુદ્દામાલ ઝડપી પાડતી સુરત જિલ્લા એલ.સી.બી./પેરોલ ફર્લો



પોલીસ મહાનિરીક્ષક, પ્રેમવિરસિંગ સાહેબ સુરત વિભાગ સુરતનાઓની રાહબરી હેઠળ, નાયબ પોલીસ મહાનિરીક્ષક, હિતેશકુમાર જોયસર સાહેબ નાઓએ સુરત ગ્રામ્ય જીલ્લા વિસ્તારમા શરીર સંબંધી તથા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચનાઓ આપેલ હોય જેથી આર. બી. ભટોળ, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ. સી. બી, સુરત ગ્રામ્ય તથા વી. એલ. ગાગીયા, પોલીસ ઇન્સ્પેક્ટર, પેરોલ ફર્લો સ્કોડ, સુરત ગ્રામ્ય નાઓએ સુરત ગ્રામ્ય જીલ્લા એલ. સી. બી. પોલીસ માણસોની અલગ-અલગ ટીમો બનાવી જરૂરી દીશા સુચન અને માર્ગદર્શન આપી ચોક્કસ દિશામાં વર્કઆઉટ કરેલ.

ઉપરોક્ત સુચના આધારે એલ.સી.બી.શાખાના પોલીસ માણસો સુરત ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીગમા હતા તે દરમ્યાન ફરતા-ફરતા મૌજે ઉમરપાડા ત્રણ રસ્તા ખાતે આવતા એલ.સી.બી.શાખાના અ.હે.કો.સ્મીતકુમાર રમેશભાઇ તથા અ.હે.કો. અજીતસિંહ ગોવિંદસિંહ તથા અ.પો.કો અક્ષયકુમાર શંકરભાઇ નાઓને સંયુક્ત રીતે તેમના ખાનગી બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ કે, મૌજે વડપાડા ગામની સીમમાં જંગલમાં ટેકરા ઉપર એક કાળા કલરની સ્કોપીયો ગાડી માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લઇ આવેલ અને મારૂતિ ઇકો ગાડી મા કાર્ટીગ દારૂનો જથ્થો સગેવગે કરનાર છે.

## માનસિંહ પટેલની ભારત સહકાર રત્ન એવોર્ડ માટે પસંદગી થઈ



**બારડોલીઃ** સુમુલ ડેરીના કાર્યદક્ષ અને કામયાબ ચેરમેન, મહુવા સુગરના ચેરમેન તથા વ્યારા સુગરને દોડતી કરનાર વ્યારા સુગરના ચેરમેન એવા માનસિંહભાઇ પટેલને ભારત સરકાર અને ઈફકોના સયુંક્ત ઉપક્રમે ભારત સહકાર રત્ન એવોર્ડ માટે પસંદગી.

આગામી દિવસોમાં દિલ્હી ખાતે આવોર્ડ આપવામાં આવશે. માનસિંહ પટેલ સહકારી ક્ષેત્રને મજબૂત કરનારા અને ભાજપ સંગઠનના અનેક પદો રહી ચૂકેલા અનુભવી અને પ્રમાણિક પણે દરેક હોદ્દાને કાર્યદક્ષ રીતે નિભાવી ચૂક્યા છે.




કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808


OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).